BUSINESS મિત્ર Plus

AIની ધરોહર એનવીડીયામાં CEO હવાંગની હકાલપટ્ટીથી AI ઈકોસિસ્ટમમાં ભૂકંપ

એઆઇ ઇકોસિસ્ટમની ધરોહર એનવીડીયાના સીઇઓ જેનસેન હવાંગ હનીટ્રેપમાં ફસાયા પછી એનવીડીયાના બોર્ડે એમની હકાલપટ્ટી કરતા એઆઇ ઇકોસિસ્ટમને સિસ્મિક શોક લાગ્યો છે. જગતની સૌથી મૂલ્યવાન એઆઇ કંપનીના રોકસ્ટાર સીઇઓને એનવીડીયા બનાવતા 33 વરસ લાગ્યા પણ 30 મીનીટમાં એમની હકાલપટ્ટી કરાઇ. અંદાજે 68 સિનિસર કર્મચારીઓ એમને સીધુ રિપોર્ટીંગ કરતા હતા. સંખ્યાબંધ સ્ટાર્ટઅપ એઆઇ સ્ટાર્ટઅપ નીઓક્લાઉડ અને કેટલીયે એઆઇ કંપનીઓમાં એનવીડીયાનો હિસ્સો હોઇ આગામી દિવસોમાં આ ભૂકંપના આફ્ટરશોક જોવાશે. એઆઇ બિલ્ડઆઉટ, એઆઇ હાઇપરસ્કેલર ડેબ્ટની સસ્ટેનેબીલીટી- સોલવન્સી અંગે પણ અટકળબાજી શરુ થશે. એન્થ્રોપિકનો આઇપીઓ સરસ છલકાયો એ રાહતના સમાચાર છે પણ ફ્ત બે વીકમાં ચિપ્સ સ્ટોક્સ, બીગ ટેક કંપનીઓમાં માર્કેટ કેપમાં મોટું ગાબડુ પડયું છે. ચૂંટણીઓમાં ડેમોક્રેટના કમબેક અને ડોનાલ્ડ ટ્રમ્પ સામે રાજકીય પડકાર સર્જાયા છે. ડેમોક્રેટસના ટોપ એજન્ડામાં વોલસ્ટ્રીટ અને ક્રિપ્ટો રેગ્યુલેશન, ટ્રમ્પ ફેમિલીના બિઝનેસ ડિલ્સ, ડિફેન્સ સેક્રેટરી પેટ હેગશેઠ સામે તપાસ, પ્રાઇવેટ ક્રેડીટ, એઆઇ, બીગ ટેક ડેટાસેન્ટર સેક્ટર, ઇરાન-યુક્રેન વોર, બજેટ ફંડિંગ પર કાબુ જેવા એજન્ડા ટોપ પ્રાયોરીટીમાં રહી શકે. ડેમોક્રેટની શાનદાર વાપસી અને એનવીડીયા ફોલઆઉટ પછી બીટકોઇન અને ઇથરમાં કડાકો બોલ્યો છે. બીટકોઇન 4 માસની નીટી સપાટી 61000 થયો છે. સોનાચાંદી-મેટલ્સ, કિંમતી ધાતુઓ પ્લેટિનમ-પેલેડિયમ તૂટયા છે. ડોલરમાં જોરદાર બાઉન્સ આવ્યો છે. યુરો, પાઉન્ડ અને ઇમર્જિંગ કરન્સીઓ, ખાસ કરીને લેટિન અમેરિકામાં બ્રાઝિલ રિઆલ, મેકિસકો પેસોમાં કડાકો આવ્યો છે. ઇમર્જિંગ એશિયાઇ બજારોમાં ટેક હેવી બજારો કોરિયા, તાઇવાન, જાપાન, ચાઇના શેનઝેન વગેરે બજારો મેમરી મેલ્ટડાઉનમાં તૂટયા છે, એઆઇ-મેમરી- બીગટેક સેલ ઓફનો સીધો લાભ ભારતીય બજારોને મળ્યો છે. સેન્સેકસ 71000નું બોટમ બનાવી

બિરેન વકીલ

83000 સુધી રિબાઉન્ડ થયો છે. એઇઆઇઆઇ ફરી પાછા એકટિવ બાયર થયા છે. એશિયાઇ કરન્સીમાં રૂપિયો પણ એકંદરે મક્કમ રહ્યો છે. બીગ પિકચરની વાત કરીએ તો અમેરિકામાં રિટેલ અને હોલસેલ ફુગાવો અપેક્ષા કરતા ઘણો મજબૂત આવતા અને ચૂંટણીમાં ટ્રમ્પના નબળા દેખાવમાં ઇરાનવોર ઉપરાંત મોંઘવારી પણ નડી ગઇ છે એ જોતા હવે ફેડ ચેરમેન કેવિન વોર્શને રેટ હાઇકમાં વોશિંગ્ટન વહીવટીતંત્રનો ડર નહી રહે. ડિસેમ્બરમાં ફેડનો રેટહાઇક લગભગ નક્કી ગણાય. કદાચ માર્ચ કે મે-જૂનમાં પણ એદાક વધારો કરવો પડે. હાઉસીંગમાં મંદી છે., અમેરિકામાં હોમ સેલ્સ 16 વરસની નીચી સપાટીએ છે પણ ફેડના સભ્યો હાઉસીંગ વીકનેસ કરતા મોંઘવારી ડામવાને વધુ મહત્વનું સમજે છે એવા સંકેતો છે. યુરોપમાં પણ રેટહાઇક તોળાય



ઇમર્જીંગ ટેકહેવી બજારો અને ક્રિપ્ટો તૂટયા- નિફ્ટીમાં સોલિડ કમબેક- ડોલેકસ બાઉન્સબેક

છે. અમેરિકામાં હાઇ ગ્રેડ કોર્પોરેટ બોન્ડ યિલ્ડ 6 ટકાને વટાવી ગયા છે એ જોતા આગામી દિવસોમાં શેરબજાર દબાવમાં રહેશે, ડિપ મનીને કવોલીટી ક્રેડિટ, કવોલીટી ગ્રોથ એસેટ તરફ ઝૂકાવ રહેશે.

ઘરઆગંણે ફુગાવો ઓકટોબરમાં 6.09 ટકા રહ્યો જે સપ્ટેમ્બરના 5.54 ટકા કરતા ઘણો વધુ હતો. 7 ઓકટોબરે પા ટકા વ્યાજદર વધારા પછી હવે 4 ડિસેમ્બરે પણ પા ટકા રેટહાઇક આવે એવી સંભાવના છે. ક્રુડ ઇન્ફલેશન ઘણુ વધીને 8.94 ટકા થયું છે. વેપારખાધ એક વરસની હાઇ પર 39.8 અબજ થઇ છે. આયાતબીલમાં મોટો ઉછાળો આવ્યો છે. આયાતો 89.35 અબજ ડોલર થઇ છે. 54 ટકા વધારો પેટ્રોલિયમ પેદાશોની આયાતને આભારી છે. ખાદ્યતેલોની આયાત પણ 56.5 ટકા વધી છે. ઇલેટ્રોનિકસ ઉપકરણોની આયાત 50 ટકા વધી છે. તેલ-ઇલેટ્રોનિકસની આયાતનો ઉછાળો ફેસ્ટિવલ ડિમાન્ડને આભારી હોઇ શકે. ઔદ્યોગિક ઉત્પાદન 8 ટકાથી ઘટી 6.7 ટકા થયું છે. કેપેકસ સાયકલમાં મેન્યુ સેકટરનો હિસ્સો મોટો છએ. સરકારી ખર્ચ પણ કેપેકસને થોડો ટેકો આપે છે. એકંદરે શેરબજારમાં મેક્રો ઇન્ડિકેટર્સ સપોર્ટિવ છે. ઇન્ફ્રા, કેપિટલ ગુડઝ, ડિફેન્સ, રીન્યુએબલ એનર્જી, ક્લિનટેક, ઓટો એન્સીલરી, ઇવી, હેલ્થકેર અને હોસ્પિટલ્સ સેકટર આકર્ષક દેખાય છે. નિફ્ટીમાં શાનદાર રિબાઉન્ડ આવ્યો છે. એઆઇ-મેમરી મેનીયામાં ઉન્માદ ઓસરતા ડિફેન્સીવ ઇમર્જિંગ બજારોમાં એફઆઇઆઇનુ કમબેક થયું છે. નિફ્ટી 22200ના ટ્રિપલ બોટમથી ઉછળી 25400 થઇ છેલ્લે 25144 બંધ હતો. હાલ પુરતી રેન્જ 24400-25700 ગણાય. રૂપિયો 94.24ના લેવલે સ્ટેબલ છે.

ઓલ્ટરનેટીવ એસેટસમાં બીટકોઇન 62000 થઇ ગયો છે. માર્ચમાં બીટકોઇન 97000 હતો તે હાલ 62000 છે. બીટકોઇનના માર્કેટ કેપમાં હવે છાશવારે 500 મિલિયન ડોલરની ઉથલપાથલ થયા કરે છે. હાઇ સ્ટેક બજાર થઇ ગયું છે. બુલિયનની વાત કરીએ તો ચાંદીમાં તીવ્ર કડાકો આવ્યો છે. ચાંદી જાન્યુઆરીમાં 4.20 લાખ હતી તે ગત સપ્તાહે 1.76 લાખ થઇ ગઇ, કોમેક્સ ચાંદી 121 ડોલરથી ઘટીને 49 ડોલર થઇ ગઇ. સોનું 5600 ડોલરથી ઘટીને 3866 ડોલર થયુ છે. ચીનમાં સ્લોડાઉન, યુરોપમાં સ્ટેગફ્લેશન, વેપાર મામલે અમેરિકામાં લેમડક સેનેટ જોતા હાલમાં બુલિયન-મેટલ્સ દીશાહીન છે. મેટલ્સમાં વચગાળાનો ટ્રેન્ડ મંદીનો થઇ ગયો છે. કોપર-ઝિંક અને એલ્યુમાં હાલના સ્તરેથી 10-15 ટકા ઘટાડો આવી શકે. બ્રેન્ટ ક્રુડ ઓઇલ 90-97 ડોલર વચ્ચે સ્ટેબલ થયું છે. એનવીડીયા તથાકથિત સ્પાયગેટ પછી ચીન-અમેરિકા વચ્ચે અવિશ્વાસ વધે-કોલ્ડ ટેકવોરમાં ગરમાટો આવી શકે. ટ્રમ્પને ઇરાન સાથે ડીલ કરવું છે કે પછી વોરમાં બમણા વેગથી હલ્લો કરવો છે એ અચોકકસ છે. શાસકપક્ષના સેટબેક પછી પક્ષમાં આંતરીક જૂથબંધી વધી છે. 2028ની ચૂંટણીમાં પ્રમુખપદ માટે મારીયો રુબીયો અને વીપી વેન્સ વચ્ચે સીધી સ્પર્ધા દેખાય છે.

જેન્સન હુઆંગની વિદાયની કેવી અસર એનવીડિયા અને એઆઈ જગત પર પડશે?

એનવીડિયામાંથી જેન્સન હુઆંગની અચાનક વિદાયથી AMD અને બ્રોડકોમ જેવી હરીફ ચિપ ઉત્પાદક કંપનીઓ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) બજારમાં પોતાનો પગપેસારો વધારવાના દ્વાર ખુલી શકે છે. જોકે, કંપનીનું વર્ચસ્વ સ્થાપનાર નેતા વિના ઇનોવેશન ગતિ જાળવી રાખવી અને ગ્રાહકો તથા સપ્લાયર્સ સાથે ગાઢ સંબંધો ટકાવી રાખવા એ કંપની માટે મોટો પડકાર હશે. AI ચિપ બજારમાં એનવીડિયાનું સ્થાન રાતોરાત બદલાવાની શક્યતા નથી. તેની વર્તમાન પ્રોડક્ટ યોજનાઓ, ઉત્પાદન સમયપત્રક અને સપ્લાય કરારો નજીકના ભવિષ્યમાં મોટાભાગે યથાવત રહેવાની અપેક્ષા છે. તેમ છતાં, હુઆંગના રાજીનામાથી આગામી વર્ષોમાં હરીફો સામે પોતાની લીડ જાળવી રાખવાની કંપનીની ક્ષમતા પર સવાલો ઉભા થયા છે. સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ, તાઇવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની અને SK હાયનિક્સ જેવા એશિયન સેમિકન્ડક્ટર સપ્લાયર્સ પર તેની તાત્કાલિક અસર મર્યાદિત રહેવાની ધારણા છે. સૌથી મોટી ચિંતા એ છે કે શું એનવીડિયાનું નવું નેતૃત્વ એવી ભાગીદારીઓ જાળવી શકશે જેણે તેના વિકાસને ટેકો આપ્યો છે. ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સના બજારના લગભગ 90% હિસ્સા પર એનવીડિયાનું નિયંત્રણ

કરન્ટ-ટોપિક

છે, જેનો ઉપયોગ AI મોડેલ્સને તાલીમ આપવા અને ચલાવવા માટે વ્યાપકપણે થાય છે. જ્યારે તેની બજાર સ્થિતિ તાત્કાલિક નબળી પડવાની શક્યતા નથી, પરંતુ જો કંપની નેતૃત્વ પરિવર્તનમાં સંઘર્ષ કરશે તો હરીફોને તેનો ફાયદો થઇ શકે છે.

આ ફેરફારથી લાભ મેળવી શકે તેવી કંપનીઓમાં AMD અને બ્રોડકોમનો સમાવેશ થાય છે. રોઇટર્સના અહેવાલ મુજબ, હુઆંગની વિદાયના સમાચાર બાદ યુએસ ટ્રેડિંગ સેશનમાં તેમના શેરમાં લગભગ 6% નો ઉછાળો આવ્યો હતો. ટેક્નોલોજી વિશ્લેષકોનું માનવું છે કે એનવીડિયાના હરીફો અનિશ્ચિતતાના આ સમયગાળાનો ઉપયોગ AI ચિપ બજારમાં મોટો હિસ્સો મેળવવા માટે કરી શકે છે. CBS ન્યૂઝના અહેવાલ મુજબ, વિલિયમ બ્લેરના ટેક્નોલોજી વિશ્લેષક સેબેસ્ટિયન નાજીએ એક રિસર્ચ નોટમાં જણાવ્યું હતું કે, "આ એનવીડિયાના કેટલાક હરીફો માટે આગામી થોડા વર્ષોમાં તેમના આયોજન કરતાં બજારમાં મોટો હિસ્સો મેળવવાની તક રજૂ કરે છે." નાજીએ ઉમેર્યું હતું કે તપાસ અથવા



નેતૃત્વ પરિવર્તનનો સામનો કરી રહેલી કંપની તેના પ્રોડક્ટ રોડમેપ પરથી ધ્યાન ગુમાવી શકે છે. જો કે, એનવીડિયા પાસે હજુ પણ નોંધપાત્ર ટેક્નોલોજીકલ સરસાઈ છે. વેડબશ સિક્યોરિટીઝના ટેક્નોલોજી વિશ્લેષક ડેન ઇવ્સે CBS ન્યૂઝને જણાવ્યું હતું કે કંપની તેના નજીકના હરીફ કરતાં લગભગ બે થી ત્રણ વર્ષ આગળ છે.

હુઆંગની વિદાયનો ઉલ્લેખ કરતા ઇવ્સે કહ્યું, "આ વાતને હળવાશથી લઈ શકાય તેમ નથી. જે ઉદ્યોગને તેમના પર આટલો વિશ્વાસ અને પ્રશંસા હતી, તેના માટે આ એક મોટો આઘાત છે." તેમણે ઉમેર્યું હતું કે માત્ર તેના CEO ના જવાથી આગામી થોડા વર્ષોમાં એનવીડિયાની માંગના દ્રષ્ટિકોણમાં ફેરફાર થવાની શક્યતા નથી. એનવીડિયાના નેતૃત્વ પરિવર્તન પર એશિયાની મોટી સેમિકન્ડક્ટર કંપનીઓ પણ નજીકથી નજર રાખી રહી છે. સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ, TSMC અને SK હાયનિક્સ એવી કંપનીઓમાં સામેલ છે જે એનવીડિયાને મુખ્ય ઘટકો અથવા ઉત્પાદન સેવાઓ પૂરી પાડે છે. તેની બિઝનેસ વ્યૂહરચનામાં કોઈપણ ફેરફાર તેમના ભાવિ ઓર્ડર અને ભાગીદારીને અસર કરી શકે છે. શુક્રવારે એક રિસર્ચ નોટમાં, દક્ષિણ કોરિયન બ્રોકરેજ 'ડાઓલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ સિક્યોરિટીઝ'ના નામ ડે-જોંગ અને કિમ યોન-મીએ જણાવ્યું હતું કે હુઆંગની વિદાયથી સેમિકન્ડક્ટર ઉદ્યોગના નજીકના ભવિષ્યના દ્રષ્ટિકોણમાં ફેરફાર થવાની શક્યતા નથી. તેમને અપેક્ષા છે કે લાંબા સમયથી ચાલતી ભાગીદારીને કારણે TSMC સાથે એનવીડિયાના ફાઉન્ડ્રી સંબંધો સ્થિર રહેશે. વિશ્લેષકો એવી પણ અપેક્ષા રાખે છે કે એનવીડિયા સેમસંગના ફાઉન્ડ્રી બિઝનેસ સાથે કામ કરવાનું ચાલુ રાખશે. બંને કંપનીઓ તેમનો સહયોગ વધારી રહી છે, જેમાં સેમસંગની 4-નેનોમીટર પ્રક્રિયા સાથે સંકળાયેલ ઉત્પાદન અને નેક્સ્ટ-જનરેશન હાઈ-બેન્ડવિડ્થ મેમરી (HBM) ટેક્નોલોજી પરના કામનો સમાવેશ થાય છે. મોટો પ્રશ્ન એ છે કે શું એનવીડિયાનું નવું નેતૃત્વ સપ્લાયર્સ અને AI ઇકોસિસ્ટમની અન્ય કંપનીઓ સાથે સમાન સ્તરનું સંકલન જાળવી શકશે. નેતૃત્વ પરિવર્તનથી મેમરી ચિપ્સ, ખાસ કરીને HBM ની ભાવિ માંગ અંગે પણ પ્રશ્નો ઉભા થયા છે. HBM એ એક પ્રકારની મેમરી છે જે AI પ્રોસેસર્સને મોટા પ્રમાણમાં ડેટાને ઝડપથી હેન્ડલ કરવાની મંજૂરી આપે છે. તે અદ્યતન AI સિસ્ટમ્સમાં એક મહત્વપૂર્ણ ઘટક બની ગઈ છે. એનવીડિયાના મુખ્ય HBM સપ્લાયર્સમાંના એક, SK હાયનિક્સના શેર શુક્રવારે શરૂઆતનો વધારો ગુમાવીને 3.03% ઘટીને બંધ થયા હતા.

AI ચિપ બજારમાં એનવીડિયાનું સ્થાન રાતોરાત બદલાવાની શક્યતા નથી. તેની વર્તમાન પ્રોડક્ટ યોજનાઓ, ઉત્પાદન સમયપત્રક અને સપ્લાય કરારો નજીકના ભવિષ્યમાં મોટાભાગે યથાવત રહેવાની અપેક્ષા છે. તેમ છતાં, હુઆંગના રાજીનામાથી આગામી વર્ષોમાં હરીફો સામે પોતાની લીડ જાળવી રાખવાની કંપનીની ક્ષમતા પર સવાલો ઉભા થયા છે

જોકે, ડાઓલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ સિક્યોરિટીઝના વિશ્લેષકોએ વૈકલ્પિક AI ચિપ્સના ઉદયને મેમરી સેમિકન્ડક્ટર્સની માંગ નબળી પડવાના સંકેત તરીકે ન જોવા ચેતવણી આપી હતી. કસ્ટમ AI ચિપ્સ, જેને એપ્લિકેશન-સ્પેસિફિક ઇન્ટિગ્રેટેડ સર્કિટ્સ (ASICs) તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એનવીડિયાના GPUs ના વિકલ્પ તરીકે ઉભરી રહી છે. આ ચિપ્સ ચોક્કસ કમ્પ્યુટિંગ કાર્યો માટે ડિઝાઇન કરવામાં આવી છે અને AI ચિપ બજારમાં વિવિધતા લાવવામાં મદદ કરી શકે છે.

ક્રિપ્ટો માર્કેટમાં અબજો ડોલરનું ધોવાણ, રોકાણકારોનો વિશ્વાસ ડગમગ્યો

વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી બિટકોઈન ફરી એક વખત મોટા ઘટાડાને કારણે ચર્ચામાં આવી છે. એક સમયે ડિજિટલ ગોલ્ડ તરીકે ઓળખાતી બિટકોઈન કરન્સીમાં છેલ્લા કેટલાક સમયથી સતત વેચવાલી જોવા મળી રહી છે. 70 હજાર ડોલરની મનોવૈજ્ઞાનિક સપાટી તૂટતાં રોકાણકારોમાં ચિંતા વધી છે. માત્ર બિટકોઈન જ નહીં, પરંતુ ઈથેરિયમ સહિતની અન્ય ક્રિપ્ટોકરન્સીમાં પણ ઘટાડો નોંધાયો છે.

ગઈકાલના બજારના આંકડા મુજબ બિટકોઈનનો ભાવ ઘટીને ઈન્ટ્રાડે આશરે 67500 ડોલર સુધી પહોંચ્યો હતો. આ ઘટાડા સાથે બિટકોઈન છેલ્લા ત્રણ મહિનાના તળિયે આવી ગયો હતો. 7 ઓક્ટોબર, 2025ના રોજ નોંધાયેલા આશરે 1,26,198 ડોલરના સર્વોચ્ચ ભાવની સરખામણીમાં હાલનો ભાવ લગભગ 46 ટકા નીચો છે. સપ્ટેમ્બર 2026ના અંતમાં 86500 ડોલરની આસપાસ રહેલો ભાવ પણ ટૂંકા ગાળામાં લગભગ 21 ટકા ઘટ્યો છે.

બિટકોઈનમાં ઘટાડા પાછળનું સૌથી મોટું કારણ અમેરિકાની આર્થિક નીતિ અંગેની અનિશ્ચિતતા છે. અમેરિકામાં ફુગાવાના



સાત મહિનામાં બિટકોઈન લગભગ 46 ટકા તૂટ્યો, 1.6 અબજ ડોલરથી વધુની પોઝિશનનું લિક્વિડેશન; અમેરિકાની વ્યાજદર નીતિ, ઈટીએફમાંથી ઉપાડ અને વૈશ્વિક અનિશ્ચિતતાએ ક્રિપ્ટો માર્કેટને ઝટકો આપ્યો

આંકડા અપેક્ષા કરતાં ઊંચા રહેતાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધુ વધારો કરવાની શક્યતા વધી છે. બજારમાં ડિસેમ્બરની બેઠકમાં 0.25 ટકાના વ્યાજદર વધારાની સંભાવના અંગે ચિંતા છે. વ્યાજદર વધે ત્યારે રોકાણકારો જોખમી એસેટ્સમાંથી નાણાં કાઢીને ડોલર અને સરકારી બોન્ડ જેવા પ્રમાણમાં સુરક્ષિત વિકલ્પો તરફ વળે છે. તેની સીધી અસર બિટકોઈન જેવી ક્રિપ્ટોકરન્સી પર પડે છે. અમેરિકન ડોલર ઈન્ડેક્સ પણ ૧૦૩ની ઉપર પહોંચતાં ક્રિપ્ટો માર્કેટ પર વધુ દબાણ આવ્યું છે. બીજું મહત્ત્વનું કારણ સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી છે. અમેરિકામાં સ્પોટ બિટકોઈન ઈટીએફમાંથી સતત નાણાં બહાર નીકળી રહ્યાં છે. નવેમ્બરના પ્રથમ છ દિવસ દરમિયાન આ ઈટીએફમાંથી આશરે 1.44 અબજ ડોલરનું નેટ આઉટફ્લો નોંધાયું હતું. મોટા રોકાણકારો દ્વારા નાણાં પાછાં ખેંચવામાં આવતાં બજારમાં ખરીદીની માંગ નબળી પડી છે.

આ ઉપરાંત વૈશ્વિક ટેક્નોલોજી શેરોમાં ઘટાડો અને એનવિડીયાના નેતૃત્વને

કરન્સી માર્કેટ

લગતી અનિશ્ચિતતાએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરી છે. ટેક્નોલોજી શેરો અને ક્રિપ્ટો જેવી જોખમી એસેટ્સમાં રોકાણકારોનું વલણ ઘણી વખત એકસરખું રહેતું હોવાથી શેરબજારમાં નબળાઈની અસર ક્રિપ્ટો માર્કેટમાં પણ જોવા મળી રહી છે. બિટકોઈનના ઘટાડાને વધુ વેગ આપનારૂ વધુ એક કારણ ડેરિવેટિઝ માર્કેટમાં થયેલું મોટાપાયે લિક્વિડેશન છે. 24 કલાકમાં સમગ્ર ક્રિપ્ટો માર્કેટમાં આશરે 1.64 અબજ ડોલરની ટ્રેડિંગ પોઝિશનનું લિક્વિડેશન થયું હતું. તેમાં લગભગ 88.7 ટકા પોઝિશન એવા રોકાણકારોની હતી જેમણે ભાવ વધવાની અપેક્ષા રાખીને ખરીદી કરી હતી. ભાવમાં ઘટાડો થતાં લિવરેજથી કરવામાં આવેલા સોદા આપોઆપ બંધ થયા અને તેના કારણે વેચવાલીનું દબાણ વધ્યું.

બિટકોઈનનું લાંબા ગાળાનું ભવિષ્ય હજુ પણ ચર્ચાનો વિષય છે. એક તરફ ક્રિપ્ટોકરન્સીને વૈશ્વિક નાણાકીય વ્યવસ્થામાં સ્થાન મળી રહ્યું છે, તો બીજી તરફ તેની કિંમતમાં ભારે અસ્થિરતા રોકાણકારો માટે મોટો પડકાર બની રહી છે. આગામી સમયમાં અમેરિકાની વ્યાજદર નીતિ, ઈટીએફમાં નાણાંનો પ્રવાહ, ડોલરની મજબૂતી અને વૈશ્વિક આર્થિક સ્થિતિ બિટકોઈનની દિશા નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. જો વ્યાજદર અંગેની ચિંતા ઓછી થાય, ઈટીએફમાં ફરી નાણાંનો પ્રવાહ શરૂ થાય અને સંસ્થાકીય રોકાણકારો ખરીદી તરફ વળે તો બિટકોઈનમાં સુધારાની શક્યતા ઊભી થઈ શકે છે. જોકે, આ કોઈ નિશ્ચિત આગાહી નથી.

૨૦૨૬ના વર્ષમાં વિશ્વની મોટી ટેક કંપનીઓના અનેક આઉટેજ સર્જાયા

2૦૨૬માં મોટી ટેક્નોલોજી કંપનીઓને સેવામાં અનેક વિક્ષેપોનો સામનો કરવો પડ્યો, જેનાથી તેમના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિકવરી સિસ્ટમની કસોટી થઈ. માઈક્રોસોફ્ટ એઝ્યોર, એમેઝોન વેબ સર્વિસિસ(AWS), ગૂગલ ક્લાઉડ અને ક્લાઉડફ્લેરને સોફ્ટવેર ફેરફારો, નેટવર્ક કન્ફિગરેશન, વીજ પુરવઠો અને ડેટા-સેન્ટર કામગીરી સંબંધિત આઉટેજનો અનુભવ થયો. તાજેતરની મોટી ઘટના ૧૨ નવેમ્બરના રોજ માઈક્રોસોફ્ટ સાથે બની હતી, જ્યારે આઉટેજને કારણે આઉટલુક, ટીમ્સ , કોપાયલોટ અને અન્ય માઈક્રોસોફ્ટ ૩૬૫ સેવાઓ પ્રભાવિત થઈ હતી. આ વિક્ષેપ ૧૩ નવેમ્બર સુધી ચાલુ રહ્યો હતો અને તેનાથી ઘણા દેશોના વ્યવસાયો અને સરકારી એજન્સીઓને અસર થઈ હતી. માઈક્રોસોફ્ટે આ ઘટના માટે સર્વરની સમસ્યાઓને જવાબદાર ગણાવી હતી અને કહ્યું હતું કે તે સુધારાઓ લાગુ કરી રહી છે અને સેવાની પુનઃસ્થાપના પર નજર રાખી રહી છે. કંટ્રોલ પ્લેનના ક્લાઉડ આઉટેજ ટ્રેકરે જાન્યુઆરીથી ૧૦ નવેમ્બર, ૨૦૨૬ વચ્ચે AWS, માઈક્રોસોફ્ટ એઝ્યોર, ગૂગલ ક્લાઉડ અને ક્લાઉડફ્લેરને સંડોવતા ૧૮ મોટા આઉટેજ નોંધ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી અત્યાર સુધીમાં તેણે આવી ૬૨ ઘટનાઓ રેકોર્ડ કરી છે.

૨૦૨૬ના મોટા ટેક્નોલોજી આઉટેજમાં માઈક્રોસોફ્ટઃ આઉટલુક, ટીમ્સ અને માઈક્રોસોફ્ટ ૩૬૫ માં વિક્ષેપમાઈક્રોસોફ્ટને ૧૨ નવેમ્બરના રોજ વર્ષના સૌથી મોટા ટેક્નોલોજી વિક્ષેપોમાંના એકનો સામનો કરવો પડ્યો. આ આઉટેજથી એક્સચેન્જ ઓનલાઈન પર આધારિત આઉટલુક, ટીમ્સ, કોપાયલોટ અને અન્ય માઈક્રોસોફ્ટ ૩૬૫ સેવાઓ પ્રભાવિત થઈ હતી.રોઈટર્સના અહેવાલ મુજબ, આ વિક્ષેપ ૧૨ કલાકથી વધુ સમય સુધી ચાલ્યો હતો અને તેનાથી વિશ્વભરના વ્યવસાયો અને સરકારી એજન્સીઓને અસર થઈ હતી. વપરાશકર્તાઓને ઈમેલ, કેલેન્ડર અને વર્ચ્યુઅલ મીટિંગ્સમાં સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.આની અસર અનેક ક્ષેત્રોમાં જોવા મળીઃબ્રિટિશ પોલીસ દળો ઓનલાઈન ગુનાની ફરિયાદો મેળવી શક્યા ન હતા અને તેમણે લોકોને તાત્કાલિક બાબતો માટે ઈમરજન્સી સેવાઓ પર કોલ કરવા જણાવ્યું હતું. યુકેના નેશનલ ફાર્મસી એસોસિએશને દવાઓના પ્રિસ્ક્રિપ્શનમાં સંભવિત વિલંબની ચેતવણી આપી હતી કારણ કે આઉટેજથી નેશનલ હેલ્થ સર્વિસ દ્વારા ઉપયોગમાં લેવાતી ઈમેલ સિસ્ટમને અસર થઈ હતી.કેટલીક ટ્રેડિંગ ફર્મ્સે કામકાજમાં વિલંબ નોંધાવ્યો હતો, જ્યારે યુરોપિયન બોન્ડની પુનઃખરીદી અટકાવી દેવામાં આવી હતી.વર્કહોર્સ ગ્રુપે ત્રિમાસિક કમાણી અંગેનો કોન્ફરન્સ કોલ મુલતવી રાખ્યો હતો.ભારતમાં, ઈન્ડિગોએ ઈમેલ સપોર્ટમાં સમસ્યા હોવાનું જણાવ્યું હતું, જ્યારે એર ઈન્ડિયાએ કહ્યું હતું કે તેની ફ્લાઈટ કામગીરી અપ્રભાવિત રહી છે અને તેણે કામચલાઉ ધોરણે ઈમેલ સેવાઓને અન્યત્ર ડાયવર્ટ કરી છે.માઈક્રોસોફ્ટે શું કહ્યુંઃ કંપનીએ આ વિક્ષેપ માટે સર્વરની સમસ્યાઓને જવાબદાર ગણાવી હતી અને કહ્યું

કંટ્રોલ પ્લેનના ક્લાઉડ આઉટેજ ટ્રેકરે જાન્યુઆરીથી ૧૦ નવેમ્બર, ૨૦૨૬ વચ્ચે AWS, માઈક્રોસોફ્ટ એઝ્યોર, ગૂગલ ક્લાઉડ અને ક્લાઉડફ્લેરને સંડોવતા ૧૮ મોટા આઉટેજ નોંધ્યા છે



હતું કે આ ઘટના પાછળ કોઈ સાયબર હુમલો હોવાની તેને જાણ નથી. રોઈટર્સના અહેવાલ મુજબ, મોર્નિંગસ્ટાર DBRS એ આ ઘટનાથી થયેલા વીમાકૃત નુકસાનનો અંદાજ $૩૦૦ મિલિયનથી $૫૦૦ મિલિયન લગાવ્યો છે. આ માત્ર વીમાકૃત નુકસાનનો અંદાજ છે, કુલ આર્થિક ખર્ચનો નહીં.૨. માઈક્રોસોફ્ટ એઝ્યોરઃ વીજળી, કૂલિંગ અને સોફ્ટવેરની ઘટનાઓ૨૦૨૬માં એઝ્યોરને વિવિધ પ્રદેશોમાં અનેક વિક્ષેપોનો સામનો કરવો પડ્યો. મે મહિનાની ઘટના તે સમય સુધી કંટ્રોલ પ્લેનની ૨૦૨૬ની યાદીમાં સૌથી લાંબો પૂર્ણ થયેલો એઝ્યોર આઉટેજ હતો. ટ્રેકરે જણાવ્યું હતું કે તાપમાન વધવાને કારણે બે અવેલેબિલિટી ઝોનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બંધ કરવાની ફરજ પડી હતી. AWS: મધ્ય પૂર્વમાં વિક્ષેપો અને યુએસમાં મોટો આઉટેજAWS ને મધ્ય પૂર્વ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં મોટા વિક્ષેપોનો સામનો કરવો પડ્યો.માર્ચ મહિનામાં સુવિધાઓને ભૌતિક નુકસાન થવાને કારણે બે પ્રદેશો - સંયુક્ત આરબ અમીરાતમાં me-central-1 અને બહેરીનમાં me-south-1 - પ્રભાવિત થયા હતા. કંટ્રોલ પ્લેનના ટ્રેકરે આ ઘટનાઓ માટે ડ્રોન હુમલાઓને જવાબદાર ગણાવ્યા હતા અને યુએઈ પ્રદેશ ૧ માર્ચથી અને બહેરીન ૨ માર્ચથી પ્રભાવિત હોવાનું નોંધ્યું હતું. ૧૦ નવેમ્બરના તેના અપડેટમાં પણ આ બંને ઘટનાઓ હજુ ચાલુ દર્શાવવામાં આવી હતી. ટ્રેકરે જણાવ્યું હતું કે AWS એ જાહેર કર્યું હતું કે આ પ્રદેશો ગ્રાહક એપ્લિકેશન્સને વિશ્વસનીય રીતે સપોર્ટ કરી શકે તેમ નથી. તેણે એ પણ નોંધ્યું હતું કે માત્ર તે પ્રદેશોમાં સંગ્રહિત કેટલોક ડેટા પુનઃસ્થાપિત કરી શકાયો નથી.AWS ને ૭-૮ મેના રોજ તેના નોર્ધન વર્જિનિયા પ્રદેશમાં પણ મોટા આઉટેજનો સામનો કરવો પડ્યો હતો. ગૂગલ ક્લાઉડઃ નેધરલેન્ડ્સ અને લંડનમાં વીજળીની નિષ્ફળતાકંટ્રોલ પ્લેનના ટ્રેકર મુજબ, ૨૦૨૬માં ગૂગલ ક્લાઉડને વીજળી સંબંધિત બે મોટા વિક્ષેપોનો સામનો કરવો પડ્યો.તારીખ અને

ઓફ-બીટ

પ્રદેશસમયગાળોકંટ્રોલ પ્લેન દ્વારા દર્શાવેલ કારણ૧૫-૧૬ જુલાઈ, નેધરલેન્ડ્સ (europe-west4)૧૪ કલાક ૫૫ મિનિટવીજળી અથવા કૂલિંગની નિષ્ફળતા૧૯-૨૦ ઓક્ટોબર, લંડન (europe-west2)૬ કલાક ૮ મિનિટવીજ વિક્ષેપ અને બેકઅપ જનરેટરની નિષ્ફળતા. લંડન આઉટેજથી કોમ્પ્યુટ એન્જિન, ગૂગલ કુબરનેટિસ એન્જિન, ક્લાઉડ રન, ક્લાઉડ SQL, સ્પેનર અને બિગક્વેરી સહિતની સેવાઓ પ્રભાવિત થઈ હતી. તેના ઈન્સિડન્ટ રિપોર્ટમાં, ગૂગલે જણાવ્યું હતું કે europe-west2-b અવેલેબિલિટી ઝોન ધરાવતા ડેટા સેન્ટરને વીજ પુરવઠાના વિક્ષેપની અસર થઈ હતી. પ્રોગ્રામેબલ લોજિક કંટ્રોલર (PLC) માં ખામી સર્જાવાને કારણે અનઈન્ટરપ્ટિબલ પાવર સપ્લાય (UPS) બેટરીઓ પૂરી થઈ ગયા પછી ઈમરજન્સી જનરેટર્સ કામગીરી સંભાળી શક્યા ન હતા.ગૂગલે જણાવ્યું હતું કે ઓટોમેટેડ મોનિટરિંગ સિસ્ટમ દ્વારા તેના એન્જિનિયરોને એલર્ટ મળ્યું હતું અને તેમણે રિકવરીનું કામ શરૂ કર્યું હતું. સિસ્ટમની સ્થિતિ અને સ્ટોરેજની અખંડિતતા તપાસ્યા બાદ કંપનીએ ધીમે ધીમે સેવાઓ પુનઃસ્થાપિત કરી હતી. તેણે જણાવ્યું હતું કે ૨૦ ઓક્ટોબરના રોજ 12:11 BST સુધીમાં ગૂગલ ક્લાઉડ પ્લેટફોર્મ સેવાઓ અને API સંપૂર્ણપણે ઉપલબ્ધ થઈ ગયા હતા, જ્યારે કેટલાક વર્ચ્યુઅલ મશીનોની રિકવરી ચાલુ રહી હતી.ગૂગલે એમ પણ કહ્યું હતું કે તે ક્ષતિગ્રસ્ત કેબલની તપાસ કરવા અને સામાન્ય પાવર કન્ફિગરેશન પુનઃસ્થાપિત કરવા માટે વીજ પુરવઠા કંપની સાથે મળીને કામ કરી રહ્યું છે.

ક્લાઉડફ્લેરઃ નેટવર્ક કન્ફિગરેશનમાં ફેરફારથી સેવાઓ ખોરવાઈ અને ક્લાઉડફ્લેરને ૨૦ ફેબ્રુઆરીના રોજ મોટા આઉટેજનો અનુભવ થયો હતો. તેના પોસ્ટ-ઈન્સિડન્ટ રિપોર્ટમાં, કંપનીએ જણાવ્યું હતું કે તેનું નેટવર્ક IP એડ્રેસનું સંચાલન કેવી રીતે કરે છે તેમાં ફેરફાર કરવાને કારણે તેણે અજાણતામાં ગ્રાહકોના નેટવર્ક રૂટ્સ પાછા ખેંચી લીધા હતા.આ ઘટનાથી તેની બ્રિંગ યોર ઓન IP (BYOIP) સેવાનો ઉપયોગ કરતા ગ્રાહકો પ્રભાવિત થયા હતા અને કેટલીક ગ્રાહક એપ્લિકેશન્સની ઍક્સેસ ખોરવાઈ ગઈ હતી. તેની 1.1.1.1 રિકર્સિવ DNS રિઝોલ્વર વેબસાઈટે પણ 403 એરર દર્શાવી હતી.ક્લાઉડફ્લેરે શું કહ્યુંઃ કંપનીએ જણાવ્યું હતું કે આ આઉટેજ સાયબર હુમલા કે દૂષિત પ્રવૃત્તિને કારણે થયો ન હતો. કન્ફિગરેશનમાં ફેરફારને કારણે આશરે ૧,૧૦૦ BYOIP પ્રિફિક્સ પાછા ખેંચાઈ ગયા હતા. ક્લાઉડફ્લેરે જણાવ્યું હતું કે આ ઘટના ૬ કલાક અને ૭ મિનિટ સુધી ચાલી હતી. કંટ્રોલ પ્લેનનું ટ્રેકર ૫ કલાક અને ૭ મિનિટ દર્શાવે છે, જે સમયગાળો માપવાની અલગ રીત દર્શાવે છે.કંપનીએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં આવા વિક્ષેપોનું જોખમ ઘટાડવા માટે તે નેટવર્ક કન્ફિગરેશન ફેરફારો અને નિયંત્રિત રોલઆઉટ્સની આસપાસ સુરક્ષાના પગલાં વધુ મજબૂત બનાવશે.